સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ડૂબતી જોઈને ઉંદરડાં નાવ છોડી જાય છે,
બાપ-દાદાનો સંબંધો, સત્તા-સ્વાર્થે તોડી જાય છે,
થઈ જાય કોડીના, 'નગુણા' થાય પક્ષ પલ્ટાથી -
સત્તા-મોહમાં 'રીટાં' પદ પાછળ દોડી જાય છે...
(રીટા બહુગુણાની ગૂલાંટ)

હાઈકુ

વરસી જાય!
પ્રેમજાળે ફસાઈ -
'વરૂણ' દેવ...

વેંચાયે હવે,
લેબલ બદલાવી -
(ઘી, સાડી ની જેમ)

ચિંતન

અર્થાધીન એવ નિયતસમ્બન્ધઃ

સંબંધો સ્વાર્થને આધીન હોય છે.
સંબંધો સ્વાર્થ આધીન હોય છે.
ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે. લોકો વચ્ચે સંબંધોની

લોકો વચ્ચે સંબંધોની સ્થાપના કોઈને કોઈ સ્વાર્થ કે ઉદ્દેશવશાત્ થાય છે. મિત્ર સાથે મિત્રતાનો સંબંધ હોય છે. જયારે શત્રુ સાથે શત્રુતાનો ઉદ્દેશની એકતાથી મિત્રતા સ્થપાય છે અને ઉદ્દેશની ભિન્નતાથી શત્રુતા. પ્રયોજન જ મનુષ્યોને એકમેક સાથે સાંકળતી કરોડરજ્જુ છે. આ સંસારમાં અહૈતુક સંબંધો અસંભવિત છે. અલબ્ધનો લાભ, લબ્ધની સુરક્ષા અને એની વૃદ્ધિ આ ત્રણ પ્રયોજનોના કારણે જ લોકો વચ્ચે સંબંધ સ્થપાય છે.

સમાજમાં સ્નેહી-સંબંધીઓ તો ઠીક પણ પારિવારિક લોહીના સંબંધો કે સભ્યો પણ જયારે 'સ્વ' નો 'અર્થ'નો શોધતા હોય ત્યારે 'ધંધાદારીઓ' જે માત્ર કમાવાનો હેતુ લઈ બેઠા હોય એમની પાસે 'મદદ', 'કૃપા' - 'કામ કરશે'ની અપેક્ષા કેટલી વ્યાજબી છે?

આજકાલ 'મારું શું', 'આપણું શું' 'મને શું લાભ'ના દૃષ્ટિકોણના પાયા પર જ સંબંધોની ઈમારત ચણાય છે.

સુવિચાર

- જો મૂર્ખ માણસ પોતાને મૂર્ખ સમજે તો એટલે અંસે તે બુદ્ધિમાન કહેવાય પણ ખરો મૂર્ખ તો એ જ છેકે જે પોતાને બુદ્ધિમાન સમજે છે - **બુદ્ધ**
- જ્ઞાન અને ખજાનો છે તો મહેનત એ ખજાના સુધી પહોંચવાની ચાવી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનને નષ્ટ કરવા માટે માત્ર બે શબ્દો પૂરતા છે... અહમ્ અને વહેમ - **અખંડ આનંદ**
- ત્રણ પ્રકારના માણસો જોવા મળે છે... એક, જેઓ જોવા માંગતા નથી - **રજનીશ**
- આપણે શું કરવા માંગીએ છીએ એ આપણું સ્વપ્ન છે... અને આપણે શું કરી શકીએ છીએ એ આપણી ક્ષમતા છે - **સંત રોબિન**
- આજ્ઞા કરતા પ્રતિજ્ઞા વધુ બળવાન છે - **વજુ કોટક**
- આજનું ઔષધ : નાકમાં જામેલા કફ માટે તુલસીના રસમાં કપૂર ઓગાળી રૂમાલમાં મૂકી સુંઘવાથી કફ દૂર થાય છે, નાક ખૂલે છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજકાલ સત્તા બદલાય એટલે આગલી સત્તાનાં કૌભાંડો ખૂલવા લાગે, જૂની ઈમારતોનાં સ્થળોનાં રંગરોગાન કરી 'નામ' બદલવા લાગે - જૂની યોજનાઓ કલેવર બદલી નવા નેતાના નામના વાઘા પહેરે - વગર મહેનતે 'ઈતિહાસ' રચવાના પ્રયત્ન શરુ થઈ જાય...

નેતાજી સુભાષચંદ્ર બોઝ કામ કરવામાં માનતા નાના વિજયને વટાવી ઢોલ-નગારા પીટી 'મેં કર્યું' - 'અમે કર્યું'ની બૂંગીઓ ન ફેંકતા. 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી છતાં એક અદના સૈનિક તરીકે રહ્યા.

વિદેશની એક સરકારને સૈન્ય આપી મદદ કરી અને વિજય અપાવ્યો. સેનાનો એક વડો કહે 'આપણે કોઈ ઈતિહાસકારને આ બધા દસ્તાવેજ આપી આપણી આઝાદ હિંદ ફોજનો ઈતિહાસ લખાવીએ.'

સુભાષબાબુની આંખોના ભવાં ખેંચાયાં કપાળે કરચલીઓ પડી - તરડાયેલા અવાજે બોલ્યાં :

પહેલાં ઈતિહાસ લખાય એવાં કામ તો કરો - ઈતિહાસ લખનારા તો અનેક મળી રહેશે...'

જિંદગી સામેનું જોખમ : એક ઉકેલ માગતો કોયડો

અમેરિકાની ચૂંટણીમાં હિલેરી અને ટ્રમ્પ વચ્ચેના બખાળા કે કરોડોના ખર્ચવાળી સુરક્ષા સાથેના વડાપ્રધાનના ચૂંટણીલક્ષી પ્રવાસ કરતાં આમ આદમીને વધુ અસર કરતો મુદ્દો છે સુરક્ષા. આપણું બંધારણ નાગરિકને જીવવા માટેનો મૂળભૂત અધિકાર આપે છે. જો સરકાર કે સમાજ એના જીવવાના હક્કનું રક્ષણ ન કરી શકે તો એ ખરે જ કલ્યાણરાજ કહેવાવાને લાયક ન રહે તેમમ સમાજ પણ સભ્ય સમાજની પગંતમાં ન બેસી શકે. ગાંધીનગર નજીક કોબાની સમૃદ્ધ સોસાયટીમાં બનેલી ક્રૂર ઘટના આ સંદર્ભે આંખ ખોલનારી છે. યૌવન વટાવીને પ્રૌઢાવસ્થામાં પ્રવેશી રહેલ ગૃહિણીનું ધોળે દિવસે ખૂન કરી એની સમૃદ્ધિના પ્રમાણમાં ઘણી મામૂલી કહેવાય એવી લૂંટ કરીને બંગલામાં કામ કરતી કામવાળીનો ઘરવાળો એના સાથીદારો સાથે ફરાર થઈ જાય છે. આવી ઘટનાઓ હવે અવારનવાર રિપીટ થતી જોવા મળે છે. ક્યાંક આવા કિસ્સામાં ઘરનાં જ સ્વજનોનો હાથ હોય છે તો ક્યાંક ઘરઘાટીનો. પોલીસ આવા કિસ્સાઓમાં ગંભીરતાપૂર્વક તપાસ કરે તો ગુનેગાર પકડાઈ પણ જાય છે. પરંતુ એથી ગુનાખોરી અટકતી નથી. એ વધુ અગત્યની બાબત અને ચિંતાનો વિષય છે. ગાંધીનગરના સૌથી સલામત ગણાતા સેકટર-૧૯માં ગુજરાત સરકારનાં સર્વોચ્ચ પદો પર રહી ચૂકેલા અને તત્કાલીન સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન સી.સી. પટેલનાં વયોવૃદ્ધ પત્નીનું આવી જ રીતે એમના ઘરના નોકરે કમકમાટીભર્યું ખૂન કર્યું હતું. શ્રીમતી પટેલ ઘરમાં એકલાં હતાં, પટેલ સાહેબ વિદેશ ગયેલા હતા. ઘરઘાટી તરીકે કામ કરનારા 'રામા' મોટેભાગે રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારના આદિવાસી હોય છે. એ લોકો સપરિવાર શહેરી શેઠિયા - અધિકારીઓના ઘરે સર્વન્ટ્સ ક્વાટ્સમાં રહેતા હોય છે કાં તો ભાડાના મકાનમાં રહી ચાર-પાંચ ઘરોનું કચરાપોતું તથા વાસણ કપડાંનું કામ કરતા હોય છે. પરિવારના જ સભ્ય હોય એવી આત્મીયતા બંધાઈ જતાં પોલીસની તાકીદ હોવા છતાં બંગલાવાળા પોતાને ત્યાં કોણ ઘરકામ કરવા આવે છે એની નોંધ સુધ્ધાં કરાવવાનું ટાળે છે. પછી જે ઘટના બને છે, એમાં કાં તો ઘરકામ કરતી કામવાળી કે એના ઘરવાળા સાથે તોછડાઈભર્યું વર્તન અથવા કામ છોડાવી દેવા જેવી બાબતોથી નારાજ થયેલો ડુંગરી ભીલ એનું સ્વમાન ઘવાતાં બદલો લેવાની તક શોધતો હોય છે. કયારેક ઘરની તમામ માહિતી હસ્તગત કર્યા પછી ચોરી કરી લેવાની વૃત્તિથી હુમલો કરી બેસે છે. પુરાવો ન રહે એ માટે ઘરમાં રહેતી એકલી વ્યક્તિને મારી નાખવા સિવાય બીજો ઉપાય જ રહેતો નથી. ફક્ત ચોરી કે લૂંટ કરવી હોય તો વયોવૃદ્ધ મકાનમાલિક સામે ચાલીને એને ચાવીઓ સુધ્ધાં આપી દેવા તૈયાર હોય છે, પરંતુ પાછળથી પોલીસ ફરિયાદ થશે જ, એની

તંત્રીસ્થાનેથી...

ખાતરી હોવાથી આવા ઘરઘાટી નિર્દયતાપૂર્વક મકાનમાલિકનું ખૂન કરીને જ ચોરી કે લૂંટને અંજામ આપે છે. અમદાવાદના વિકસિત વિસ્તારો હોય, ગાંધીનગરના સેકટરો હોય કે બૃહદ ગાંધીનગર વિસ્તાર હોય - આ દરેક જગ્યાએ બનતી આળી ઘટનાઓ રોકવા માટે તંત્ર તરફથી કોઈ જ ગંભીર પગલાં લેવાતાં નથી. ઉપર કહ્યુંએમ ઘટના પછી પોલીસતંત્ર દોડતું થઈ જાય છે અને ગણતરીના દિવસોમાં ગુનેગારોને ઝબ્બે કરે છે, પણ એ પછી આવી ઘટના ફરી કયારેય રિપીટ નહીં જ થાય, એવી 'પિવેન્ટીવ' કાર્યવાહી થતી નથી. આ ઘણી જ ગંભીર બાબત છે. પોતાનું વતન છોડીને શહેરના વિકસિત કે વિકાસશીલ વિસ્તારોમાં લાખો રૂપિયા ખર્ચી ઘર વસાવનાર 'નીચો-રિચ' કલાસના અને ઉચ્ચ મધ્યમવર્ગના લોકો માટે જિંદગીની સલામતી એ સૌથી મોટો ચિંતાનો વિષય બની રહ્યો છે. વૃદ્ધ માતાપિતાને ગાંધીનગર કે બૃહદ્ ગાંધીનગરના પૉશ બંગલામાં વસાવી વિદેશમાં લખલૂટ કરતા એનઆરઆઈ પરિવારો માટે પણ વડીલોની સલામતી મોટી સમસ્યા બની રહેલ છે. ભારતીય જનમાનસ બધું જ કુદરત અને કિસ્મત પર છોડવા ટેવાયેલ હોઈ આવી ઘૃણાસ્પદ હત્યાઓ પછી પણ એમને રોકવા માટેના કોઈ કારગત ઉપાયો નથી કરી શક્યા તે કઠોર વાસ્તવ સામે સો લાચારી અનુભવે છે.

વનસ્પતિ જાતનું વૈવિધ્ય

સજીવોનું વર્ગીકરણ આપણે પ્રાણી અને વનસ્પતિ એમ બે સૃષ્ટિમાં કરીએ છીએ. ત્યારબાદ ક્રમશઃ તેમાં ઉપસૃષ્ટિ, સમુદાય કે વિભાગ, ઉપસમુદાય કે ઉપવિભાગ, પ્રવર્ગ, વર્ગ, ઉપવર્ગ, શ્રેણી, ગોત્ર, કુળ, પ્રજાતિ અને જાતિ એમ વિવિધ કક્ષાએ આવે છે તે આપણે જાણીએ છીએ.

આજથી ૧૪૦ મિલિયન (૧૪૦૦ લાખ) વર્ષથી વનસ્પતિમાં ઉદ્વિકાસ થયેલો છે. આપણી વનસ્પતિની વિવિધ જાતિઓ સતત શોધતાં - ઓળખતાં રહીએ છીએ. ગત વર્ષ ૨૦૧૫ દરમિયાન ૨૦૩૪ જેટલી વાચકપેશી ધારી (Vaschlar) વનસ્પતિની નવી જાતિઓની શોધ કરી. વિશ્વકક્ષાએ શોધાયેલી વનસ્પતિના નામો ત્રણ જાણીતાં સ્રોતો દ્વારા મેળવી શકાય છે. એક - ધ ઈન્ટરનેશનલ પ્લન્ટ્સ નેમ્સ ઈન્ડેક્ષ (IPNI), બીજું - વર્લ્ડ ચેકલીસ્ટ ઑફ સીલેકટે પ્લાન્ટ ફેમીલીઝ (WCSP) અને ત્રીજું ધ પ્લાન્ટ લીસ્ટ (TPL) માં યાદી જોવા મળી શકે છે. બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા તથા ચીન એમ ત્રણ દેશોમાં સહુથી વધુ વનસ્પતિની નવી જાતિઓ શોધાઈ રહી છે.

હાલમાં જ થયેલા એક અહેવાલ મુજબ વિશ્વમાં અત્યાર સુધીમાં ૪,૫૦,૦૦૦ આવૃત્તધારી (Angiosperms) ઓળખી શકાયા છે. એક અંદાજ મુજબ હજુ પણ ૧૦ થી ૨૦ ટકા જેટલી વનસ્પતિની જાતિઓ વિજ્ઞાન માટે અજાણી છે, ઓળખવાની બાકી છે. રોયલ બોટાનિકલ ગાર્ડનમાં પ્રકાશિત થયા પ્રમાણે વર્ષ ૨૦૧૬ સુધીમાં ૩,૯૧,૦૦૦ જેટલા વાહક પેશીધારી (Vaschlar) વનસ્પતિની જાતિઓ શોધાઈ છે. જેમાં ૩,૬૯,૦૦૦ જેટલી સપુષ્પી વનસ્પતિની જાતિઓનો સમાવેશ થાય છે.

પૃથ્વી પર વનસ્પતિની જાતિઓનો વ્યાપ - ફેલાવો જોઈએ તો આવૃત્ત ધારી સપુષ્પી વનસ્પતિઓ પૈકી ૨/૩ (બે તૃતીયાંશ) જેટલી જાતિઓ ઉષ્ણકટિબંધ ભાગમાં આવેલ છે. તેજ રીતે દ્વિઅંગી (Bryo phytes) નું પ્રમાણપત્ર ઉષ્ટ કટિબંધ ભાગમાં વધુ જોવા મળે છે.

ઉષ્ટ કટિબંધીય ભાગોમાં ૪૦,૦૦૦ થી ૫૩,૦૦૦ જેટલી મોટી સંખ્યામાં વૃક્ષોની જાતિઓનું વૈવિધ્ય જોવા મળે છે. જે સમગ્ર પૃથ્વી પરના વૃક્ષોની જાતિઓનું ૯૬ % જેટલું પ્રમાણ થવા જાય છે. નવોષ્ણ કટિબંધ પ્રદેશ અને એશિયા - પેસિફિક ભાગમાં ૧૯,૦૦૦ થી ૨૫,૦૦૦ જેટલી વૃક્ષોની જાતિઓ જોવા મળે છે. પૃથ્વી પરના ટાપુઓ પર અગાઉ જણાવ્યું તેમ વનસ્પતિ વૈવિધ્ય ઓછું છે. અહિંયા જોવા મળતી વનસ્પતિની જાતિઓમાં સ્થાનિક કે પ્રાંતિક (Endemism) હોઈ તેના પર લુપ્ત થવાનું જોખમ વધુ રહે છે. ટાપુઓ પર ૫૦,૦૦૦ જેટલી વાહક પેશીધારી (Vaschlar) વનસ્પતિની જાતિઓ એવી છે કે જે ફક્ત જે તે પ્રદેશ/વિસ્તારમાં જ જોવા મળે છે.

ઉચ્ચ સ્થાનીય વનસ્પતિ જાતિઓના પૃથ્થકરણ પ્રમાણે ૬૭ % જેટલી વનસ્પતિની જાતો પૈકી ૮૧ % જેટલી વનસ્પતિ જાતો પૃથ્વીની ફક્ત ૧૭ % જમીની ભાગોમાં જ જોવા મળે છે. વિશ્વકક્ષાએ એક અભ્યાસ પ્રમાણે ૧૭૭૧ જેટલા સ્થાનો છે. જે વનસ્પતિ વૈવિધ્ય સારા પ્રમાણમાં ધરાવતાં હોઈ ખુબ જ મહત્ત્વનાં છે પરંતુ તે પૈકી મોટા ભાગના સ્થાનો રક્ષણથી વંચિત છે.

ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઑફ નેચર એન્ડ નેચરલ રીસોર્સીઝ (IUCN) દ્વારા પ્રકાશિત કરવામાં આવતી રેડ લીસ્ટ (યાદી) પ્રમાણે આ પૃથ્વી પરની ૨૧% વનસ્પતિની જાતિઓ લુપ્ત થવાના ભય હેઠળ છે. આ પ્રમાણે દર પાંચ વનસ્પતિની જાતિએ એક લુપ્ત થવાના ભય હેઠળ છે તેમ કહી શકાય. અન્ય એક અભ્યાસમાં તેનું પ્રમાણ ૩૩% એટલે કે અંદાજે દર ત્રીજી વનસ્પતિની જાતિને લુપ્ત થવાના ભય હેઠલ મુકવામાં આવે છે.

વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિ પ્રત્યે માનવીય અભિગમનું મુલ્યાંકન કરવામાં આવે તો આપણે માનવો પ્રાણીઓને વધુ પસંદ કરીએ છીએ. જયારે વનસ્પતિને ઓળખવા, બચાવવા અને માણવા (જોવા)માં પ્રાથમિકતા અપાતી નથી. વનસ્પતિ કે જેમાં ઘા, છોડ, ક્ષુપ, વેલાઓ અને વૃક્ષોનો સમાવેશ થાય છે તે પૈકી કેટલાક નજીકના વૃક્ષો સિવાયની કોઈ જ વનસ્પતિના નામ સુદ્ધાં આપણે જાણતાં નથી. તેમના સંરક્ષણ માટે તેમણે ઓળખવું - જાણવું પણ એટલું જ જરુરી હોય છે.

ચરણસ્પર્શ : આપણી સભ્યતા અને સંસ્કાર

આ ૨૧મી સદીમાં આપણે સૌ આપણી ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી સામાજિક – પારિવારિક અને વૈજ્ઞાનિક પરંપરા, પ્રથાને ભૂલી રહ્યા છીએ. એ પ્રથા છે ''ચરણસ્પર્શ'' કરવાની. કોઈને પગે લાગવાની, નમવાની... પહેલાના યુગમાં માત્ર ઋષિમૂનિઓ અને બ્રાહ્મણો જ સર્વત્ર જ્ઞાનનો પ્રસાર-પ્રચાર કરતા હતા અને આજે ૨૧મી સદીમાં જન્મેલું નાનું બે ચાર વર્ષનું બાળક જ્ઞાની થઈને જ અવતરે છે. પણ એ જ્ઞાન શાસ્ત્રનું નહીં શસ્ત્રનું હોય છે. આધુનિક ટેકનોલોજીનું હોય છે. અને આ ૨૧મી સદીની ટેકનોલોજીમાં ક્યાય ''ચરણસ્પર્શ'' નો મહિમા નથી. અને આજના મા-બાપને પણ પોતાના સંતાનોમાંથી વિશ્વાસ ઊઠી ગયો છે તેથી તેઓ પણ તેમને ચરણસ્પર્શ કરવાનું શીખવતા જ નથી. એ પણ એક કરૂણ હકિકત છે.

''ચરણસ્પર્શ'' એ આપણી સૌથી જૂની પારિવારિક સભ્ય સંસ્કૃતિ છે. એમાં ભારતીય સંસ્કાર રહેલા છે. માન ૦ સન્માન, આદર અને પૂજ્યભાવ એની સાથે જોડાયેલા છે. જે આજે ઘર ઘર અને સમાજમાંથી ખોવાઈ રહ્યા છે. આપણે પણ કદાચ આજે મંદિરમાં ઈશ્વર સિવાય બીજે ક્યાંય નમવાનું – પગે લાગવાનું ભૂલી ગયા છીએ. પણ આ બધી ધાર્મિક ક્રિયાઓ પાછળ કેટલી મોટી વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક શક્તિઓ રહેલી છે એ આપને સાવ ભૂલી જ ગયા છીએ.

સૌ પ્રથમ આપણામાં વિનમ્રતાનો ભાવ હોય, કોઈને આદર, માન સન્માન આપવાની સમજ હોય તો જ આપણે કોઈને નમવાનું – ચરણસ્પર્શ કરવાનું વિચારીને અમલમાં મૂકીએ છીએ. જેને પરિવાર અને સમાજ એક સંસ્કારી વ્યક્તિ તરીકે મૂલવે છે. વળી કોઈને નમવાથી કે પગે લાગવાથી આપણી અંદરનો આ ૨૧મી સદીનો સૌથી મોટો અને વ્યક્તિગત, પારિવારિક નૂકશાન પહોંચાડતો વાયરસ ''અહંકાર'' (ઈગો) નાશ પામે છે. કેમ કે આપણા મનમાં જો સહેજેય કોઈપણ પ્રકારનો અહંકાર (ઈગો) હશે તો આપણે કોઈને નમી શકતા નથી. વળી બીજો ફાયદો એ છે કે આપણે કોઈને નમીએ છીએ, સામેની વ્યક્તિના ચરણ સુધી વાંકા વળીએ છીએ અને બન્ને હાથોથી તેમના ચરણના અંગૂઠાને સ્પર્શીએ છીએ આ ખરેખર પ્રાણાયામની ક્રિયા થાય છે. જેનાથી આપણું શારીરિક સૌષ્ઠવ જળવાઈ રહે છે. સ્વાસ્થ્ય સારું રહે છે. વળી આપણે જેને નમીએ છીએ, ચરણસ્પર્શ કરીએ છીએ એ વડિલ વ્યક્તિ, અનુભવી, જ્ઞાની કે વિદ્વાન વ્યક્તિ હશે. એની પાસે વર્ષોની તપસ્યાની એક ઊર્જા હશે. જે એમના હાથ આપણા માથે મૂકીને આપણને એમની એ સકારાત્મક ઊર્જા આપે છે. જે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલી બાબત છે.

આપણે જાણીએ છીએ કે પ્રત્યેક વ્યક્તિનું એક આભાવર્તૂળ હોય છે. જેને આપણે ''ઓરોમંડળ'' તરીકે પણ ઓળખીએ છીએ. જેમાં વ્યક્તિના સ્વભાવ અને સંસ્કાર પ્રમાણે નકારાત્મક કે સકારાત્મક ઊર્જાના વલયો કાર્યરત હોય છે.અને આ ઊર્જાના સ્ત્રોત પગના અંગૂઠાથી અને હાથની હથેળીમાંથી બહાર નીકળતા હોય છે. જે ચરણસ્પર્શ કરવાથી આપણે એ મેળવીએ છીએ. અને આ ઊર્જાનો આવિર્ભાવ આપણા મસ્તક ઉપરથી આપણામાં પ્રવેશે છે. કોઈને પગે લાગતી વખતે માથે હાથ મૂકવા પાછળનું આ ધાર્મિક નહીં પણ વૈજ્ઞાનિક કારણ છે. આપણા શરીરમાં કોઈપણ પ્રકારની શક્તિનો પ્રવેશ આપણા મસ્તક ઉપરના બ્રહ્મરંધથી થાય છે. પહેલાના યુગમાં બ્રાહ્મણો માથે ચોટલી એટલે જ રાખતા જે ખરેખર ઐશ્વર્ય શક્તિનું એન્ટેના હતી. જેનાથી તેઓ બ્રહ્માંડમાં રહેલી સકારાત્મક ઊર્જા પ્રાપ્ત કરીને શક્તિશાળી બનતા હતા.

આ ''ચરણસ્પર્શ'' કરવાથી ઘણી વખત આપણે સામેની વ્યક્તિને પણ સજ્જન બનાવી દઈએ છીએ. સામેની વ્યક્તિ ગમે તેટલી કઠોર હોય નિર્દય હોય પણ એને પગે લાગવાથી એનું હૃદય પીગળી જશે એનામાંથી શક્ય છે કે કઠોરતાનો ભાવ નીકળી જશે. અને કદાચ ધારો કે એ આપણી વિરોધી વ્યક્તિ છે. આપણી ટીકાકાર છે. તો એવી વ્યક્તિને તો ખાસ પગે લાગવું જોઈએ. જેનાથી એના મનમાં રહેલી આપણા પ્રત્યેની કટુતા – નફરત આપોઆપ દૂર થઈ જાય. એ આપણું અહિત કરવાનું વિચારતા હશે તો નહી વિચારે. પારિવારિક સંબંધો બગડ્યા હશે તો પણ ઠીક થઈ જશે. આજે મોટાભાગના વ્યક્તિઓને પોતાના જ પરિવારોમાં સંબંધ, એકતા, પ્રેમ, સદભાવ નહી હોય પણ આ પગે લાગવાનું ''ચરણસ્પર્શ'' કરવાનું શાસ્ત્ર – શસ્ત્ર કરતાં ય મોટું કામ કરી શકે છે. વર્ષોના બગડેલા સંબંધો સુધારી શકે છે. એકબીજામાં પારિવારિક ભાવના જગાવી વર્ષોની કટુતા દૂર કરી શકે છે. કેમ કે કોઈપણ સંબંધો બગડવાનું મૂળ કારણ 'અહમ' જ હોય છે. કોઈને કોઈ પ્રકારે વ્યક્તિનો અહમ ઘવાય એટલે સંબંધ બગડે છે. આ 'અહમ' વાયરસની જેમ આપણા માનસમાં અને પછી ધીમે ધીમે આપણા પરિવારના સભ્યોના માનસમાં પણ ફેલાઈને નફરતનું રૂપ ધારણ કરે છે. અને અહમના આ વાયરસને દુનિયાનું કોઈ એન્ટિવાયરસ સોફ્ટવેર મારી શકતું નથી. જેને માત્ર ''ચરણસ્પર્શ'' જેવો વિનમ્રભાવ જ દૂર કરી શકે છે. સામેની વ્યક્તિ ગમે તેટલી આપણી વિરોધી હોય, દુશ્મન હોય એને પ્રસંગે પ્રસંગે મોકો મળે ત્યારે પગે લાગવાથી, ''ચરણસ્પર્શ'' કરવાથી તેના હૃદયનું પરિવર્તન થાય જ છે. આ પ્રયોગ કરવા જેવો છે. માત્ર બે ચાર દિવસોમાં જ આમાં સફળતા મળવાની ખાત્રી છે.

આજની ૨૧મી સદીનો સૌથી મોટો રોગ કોઈને ''નહી નમવાનો'' છે. દરેક વ્યક્તિના માનસમાં, વ્યક્તિત્વમાં કોઈને કોઈ પ્રકારનો ''અહમ'' ભરાયેલો હોય જ છે. કોઈને રૂપિયાનો, રૂપનો, સત્તાનો, જ્ઞાનનો, બુદ્ધિનો, ડિગ્રીનો, પદનો અને વળી કોઈને પોતાની વિનમ્રતાનો... આ બધા અહમ સૌથી પહેલા આપણને જ ખતમ કરે છે. પછી આપના પરિવારને.. આ નહી દેખાતા આપણી અંદર રહેલા ખતરનાક વાયરસને આપણે જોઈ શકતા નથી. અને કોઈને 'નમતા' પણ નથી. જો આપણને ઘરમાં કે બહાર જાહેરમાં કોઈનો ''ચરણસ્પર્શ'' લેવામાદ શરમ આવતી હોય કે મન ના થતું હોય તો સમજી લેવાનું કે આપણા 'સંસ્કાર' માં કંઈક ખૂટે છે. અને આપણી અંદર રહેલો અહમ વાયરસ કામ કરી રહ્યો છે. કદાચ આ કારણસર જ સ્વામીનારાયણ સંપ્રદાયમાં મંદિરની અંદર સૌ ઈશ્વરની સાથે સાથે એકબીજાને પણ પગે લાગે છે. નમે છે. ''ચરણસ્પર્શ'' કરે છે. આ એક અહમ ઓગાળવાની ક્રિયા જ છે. ખરેખર તો આ પ્રથા દરેક મંદિરોમાં, સ્કૂલોમાં, કૉલેજોમાં, યુનિવર્સિટીઓમાં, જાહેર કાર્યક્રમોમાં અને સેમિનારોમાં પણ સ્વયભૂ અમલમાં મૂકાવી જોઈએ. કારણ કે એકબીજાને સામસામે પગે લાગવાથી, નમવાથી સમાજની અનેક સમસ્યાઓ આપોઆપ હલ થઈ જાય છે.

આજની પેઢી આ ''ચરણસ્પર્શ''નું સૌથી મોટું શક્તિશાળી – ભાવનાત્મક અને વૈજ્ઞાનિક રીતે ઉપયોગી સુખ ગુમાવી રહી છે. પરિણામે આજે એક જ ઘરમાં બાપ – દીકરા વચ્ચેનું, મા – દીકરી વચ્ચેનું સંઘર્ષ વધતું જાય છે. એકબીજા પ્રત્યેનું આદર, માન સન્માન ઓછું થઈ રહ્યું છે. અને પરિવાર વિખેરાતા જાય છે. મા બાપ જૂની પેઢીના છે. પણ આજની

અનુસંધાન પાના નં. ૭ પર

ચીની ડ્રેગનને રોકવો મુશ્કીલ છે પણ ના-મુમકીન નહિ...!!!

મહાત્મા ગાંધીજીએ કહેલું કે આપણે વિદેશી વસ્તુઓથી મુક્ત થવાની જરૂર છે પણ એમણે સાથે સાથે એ પણ કહેલું કે એના માટે થઈને આપણે આપણા જ દેશમાં એ વસ્તુઓનું પુરતું ઉત્પાદન કરી શકીએ એ જરૂરી છે. આજે આ વાતને એકાદ દસકો થવા આવ્યો છતાં પણ આપણે હજુ પૂરેપૂરું સ્વદેશી ઉત્પાદન કરી શકતા નથી. 'મેઈડ ઈન ઈન્ડિયા'નો મોદીએ આપેલો નારો અને હોસ્લો બુલંદ છે એની ના નહીં પણ હજુ તો આ નારો અને નાયબ આઈડિયા એના પા-પા પગલીમાં જ છે. આજે મહાત્મા અને મોદી બંને યાદ આવવાનું કારણ પાછુ વિદેશી વસ્તુઓ જ છે. જી હા, સર્જીકલ સ્ટ્રાઈકની સાઈડ ઈફેક્ટસ ઘણી બધી આવી છે એમાંની એક સાઈડ ઈફેક્ટસ છે ચાઈનીઝ વસ્તુઓના બહિષ્કારની. સ્વાતંત્ર્યની લડાઈમાં મહાત્મા ગાંધીએ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવાની હાકલ કરેલી અને બા-કાયદા વિદેશી કપડા અને બીજી ચીજોની હોળી પ્રગટાવવામાં આવતી હતી પણ એ જમાનો જુદો હતો, એ વિશ્વ અને એ ભારત પણ જુદું હતું જ્યારે આજે ચાયનીઝ ચીજોનો બહિષ્કાર કરવો એટલો આસાન કે સહેલો નથી એ હકીકત છે અને ખાલી ચાઈનીઝ જ શુકામ પણ બીજી કોઈ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરવો ભલે મુશ્કેલ ના લાગતો હોય તો સહેલો પણ નથી જ..!!!

સર્જીકલ સ્ટ્રાઈક પછી પાકિસ્તાન સાથે વેપાર ધીરે ધીરે ઓછો થઈ રહ્યો છે પણ ચાઈના સાથે એવું થવું બહુ જલ્દીથી અને સચોટ રીતે શક્ય નથી, એટલીસ્ટ વોટ્સઅપ કે ફેસબુક પર મેસેજોની ફેંકાફેંકીથી તો નહિ જ. હા, 'બેન ચાઈનીઝ પ્રોડક્ટ'ની મુહીમથી કદાચ નાનોમોટો ધક્કો ચાઈનાને પહોચી શકે પણ અલ્ટીમેટલી એ ધક્કો તો લાગવાનો ભારતીય વેપારીઓને જ. નહિ સમજે..? વેઈટ સમજાવું. દેશમાં ચીની વસ્તુઓનું બજાર એટલું મોટું છે કે એકલા દિલ્હીમાં જ 'ચાઈનીઝ વસ્તુઓ' પર પ્રતિબંધની વાત આવી એ પહેલા જ અંદાજે ૧૦૦૦ કરોડનો ચાઈનીઝ માલ વેચાઈ ચુક્યો છે અને હજુ તો દિવાળીના તહેવારોની ગરાગી બાકી છે. જો કે આનો અર્થ હરગીઝ એવો ના સમજતા કે 'બેન ચાઈનીઝ પ્રોડક્ટ' ની વાતથી દિલ્હીવાસીઓને કોઈ અસર નથી થઈ પણ હકીકત એ છે કે મોટાભાગના ચાઈનીઝ માલનો ઓર્ડર ઓલરેડી આજથી ૩-૪ મહિના પહેલા જ અપાય ગયો હોય છે અને ઓલમોસ્ટ બધો જ માલ ડીલીવર પણ થવા આવ્યો છે અને દ્યુતિ પણ ભરાઈ ચુકી છે એવા વખતે એ માલ જો વેચાય નહિ તો નુકશાન તો ખરીદનાર ભારતીય વેપારીઓને જ થવાનું છે નહિ કે ચાઈનીઝ નિકાસકારોને, ચીનાઓને તો એમના પૈસા મળી જ ગયા છે. દિલ્હી વેપારી મંડળનું કહેવું છે કે ચીની સમાન ઓલરેડી હોલસેલ વેપારીઓના ગોડાઉનમાં પહોચી ગયો છે બસ હવે તહેવારો પર એ સામાન રીટેલ વેપારીઓ સુધી પહોચે એની જ વાર છે. જો કે આ જ મંડળનું કહેવું છે કે ચાઈનીઝ માલના બહિષ્કારની કમ્પેઈનને લીધે રીટેલ ખરીદારીમાં ૨૦% જેવી ગિરાવટ આવી ગઈ છે મતલબ કે ચાઈનીઝ માલની માંગ ઘટી રહી છે પણ એટલી બધી પણ નહિ કે સાવ ચાઈનાનો માલ દેખાઈ જ નહિ. હોલસેલ વેપારીઓને પણ બીક છે કે સોશિયલ મીડિયાની અસર જો દિવાલીની ખરીદી પર પડશે તો એમને રોકાણ કાઢતા પણ તકલીફ પડશે અને જો એવું થશે તો ચાઈનીઝ માલ વેચવાનો મોટો પ્રસંગ એવા ક્રિસમસ અને ન્યુ યર પર આધાર રાખવો પડશે. હા, એવું પણ બને કે જો ચાઈનીઝ માલ દિવાળીમાં ઓછો વેચાશે તો ચોક્કસથી આવા વેપારીઓ ક્રિસમસ અને ન્યુ યર પર ઓછો કે પછી સાવ જ ઓર્ડર નહિ આપે.

ચીનમાં રોજગારી સસ્તી છે અને માલનું જથ્થાબંધ ઉત્પાદન એ ચીની માલ આપણાથી સસ્તો હોય છે એના મહત્વના કારણો છે એવું જ બીજું કારણ ચીનની દરેક વસ્તુની હુબહુ નકલ કરવાની ક્ષમતા પણ છે. ચીની માલનો સામનો પહેલા લખ્યા એ બે ક્ષેત્રોમાં જો ભારતીય ઉત્પાદનકારો ઈમ્પ્રુવ કરી શકે તો જ થઈ શકે એમ છે. બીજું કે આજે પૂરું વિશ્વ એક બજ